# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-11-2025** **MIDDAY: 1.20 TO 1.30**

**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

***************************************************

1. બિહારની 243 વિધાનસભા બેઠકો માટે કડક સુરક્ષા વચ્ચે મતગણતરી-વલણોમાં NDA આગળ
2. 44મો ભારત આંતરરાષ્ટ્રીય વેપાર મેળો-IITF આજથી નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે શરૂ થશે
3. ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન આજે નવી દિલ્હીમાં ભારતીય દૂરસંચાર સેવાની હીરક જયંતિની ઉજવણીમાં ભાગ લેશે
4. મુંબઈ હવાઈ મથકના જકાત અધિકારીઓએ ત્રણ દિવસમાં 10 કરોડ રૂપિયાનો માદક પદાર્થ જપ્ત કર્યો
5. ક્રિકેટમાં, કોલકાતામાં બે ટેસ્ટ ક્રિકેટ મેચની શ્રેણીની પ્રથમ મેચમાં લંચ સુધીમાં ભારત સામે દક્ષિણ આફ્રિકાના 105 રન

,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# BIHAR COUNTING

બિહારમાં વિધાનસભા ચૂંટણીની કડક સુરક્ષા વ્યવસ્થા વચ્ચે મતગણતરી ચાલી રહી છે. રાજ્યના 38 જિલ્લામાં 48 મતદાન કેન્દ્ર પર આજે સવારે આઠ વાગ્યે ગણતરી શરૂ થઈ. તમામ 243 બેઠક પણ વલણ મળી રહ્યા છે. **NDA** 193, મહાગઠબંધન 44 અને અન્ય છ બેઠક પર આગળ ચાલી રહી છે.

ભારતીય જનતા પાર્ટી 88, જનતા દળ યુનાઈટેડ 78, લોક જનશક્તિ પાર્ટી- રામવિલાસ 21, **HAM** ચાર અને **RLM** બે બેઠક પર આગળ છે. જ્યારે રાષ્ટ્રીય જનતા દળ 32, કોંગ્રેસ ચાર, સીપીઆઈ માલે-લેનિન છ, સીપીઆઈ માલે એક અને સીપીઆઈ એક બેઠક પર આગળ છે.

સમગ્ર પ્રક્રિયા પર દેખરેખ રાખવા 243 ચૂંટણી અધિકારી તહેનાત કરાયા છે. સત્તાવાર પરિણામ ભારતીય ચૂંટણી પંચના પરિણામ પૉર્ટલ https://results.eci.gov.in પરથી જાણી શકાશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# J&K DEVYANI RANA WIN BJP

7 રાજ્યોની આઠ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણીની મતગણતરી પણ આજે ચાલી રહી છે. જેમાં જમ્મુ કાશ્મીરમાં ભારતીય જનતા પાર્ટીના દેવયાની રાણાએ નાગરોટા વિધાનસભા બેઠક જીતી લીધી છે.

અમારા આકાશવાણી જમ્મુના સંવાદદાતાના અહેવાલ મુજબ રાણા **42** હજાર **183** મતો સાથે આગળ રહ્યા હતા. ચૂંટણી પંચે સત્તાવાર મતવિસ્તારમાં તમામ **11** રાઉન્ડની ગણતરી પૂર્ણ થતાં પરિણામની પુષ્ટિ કરી હતી. આ સાથે મિઝોરમમાં, મિઝો નેશનલ ફ્રન્ટના ઉમેદવાર ડૉ. આર. લલથાંગલિયાનાનો ડંપા બેઠક વિજય થયો છે.

ઓડિશામાં ભાજપના ઉમેદવાર જય ધોળકિયા નુઆપાડામાં આગળ ચાલી રહ્યા છે જ્યારે ઝારખંડમાં જેએમએમના ઉમેદવાર સોમેશ ચંદ્ર સોરેન ઘાટસિલામાં આગળ છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## IITF

44મો ભારત આંતરરાષ્ટ્રીય વેપાર મેળો-**IITF** આજથી નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે શરૂ થશે. આ 14 દિવસીય આંતરરાષ્ટ્રીય વેપાર

મેળામાં સંયુક્ત આરબ અમીરાત, ચીન, ઈરાન, દક્ષિણ કોરિયા અને ઇજિપ્ત સહિત 12 દેશો ભાગ લઈ રહ્યા છે.

આ દરમિયાન, સંરક્ષણ ઉત્પાદન વિભાગ (DDP) આજથી ભારત આંતરરાષ્ટ્રીય વેપાર મેળામાં ભારતની સ્વદેશી સંરક્ષણ ક્ષમતાઓનું પ્રદર્શન કરશે.

## (વોઇસ કાસ્ટ : AMAN-TRADE-FAIR)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## VP-ITS

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન આજે નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે ભારતીય દૂરસંચાર સેવાના હીરક જયંતિની ઉજવણીમાં ભાગ લેશે. ભારતીય દૂરસંચાર સેવાના 60 વર્ષની ઉજવણી નિમિત્તે આ કાર્યક્રમ આયોજન કરાયું છે જે ભારતના દૂરસંચાર ક્ષેત્રના વિકાસમાં સેવાના યોગદાન પર કેન્દ્રિત છે.

1965માં રચાયેલ, ભારતીય દૂરસંચાર સેવા એ સરકારની એક સંગઠિત નાગરિક સેવા છે. આ સેવા દૂરસંચાર સંબંધિત ક્ષેત્રોમાં સરકારની

તકનીકી-વ્યવસ્થાપક જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે શરૂ કરવામાં આવી હતી.

ઉપરાષ્ટ્રપતિ નવી દિલ્હીના યશોભૂમિ ખાતે રોટરી તેજસ - વિંગ્સ ઓફ ચેન્જ કાર્યક્રમનું પણ ઉદ્ઘાટન કરશે. રોટરી એ **1.4** મિલિયનથી વધુ વ્યાવસાયિક અને સમુદાયના નેતાઓનું વૈશ્વિક નેટવર્ક ધરાવે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## PM-GUJARAT VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે ગુજરાતની મુલાકાતે આવશે. તેઓ સુરતમાં નિર્માણાધીન બુલેટ ટ્રેન સ્ટેશનની મુલાકાત લઈને મુંબઈ-અમદાવાદ હાઇ-સ્પીડ રેલ કોરિડોરની પ્રગતિની સમીક્ષા કરશે.

શ્રી મોદી નર્મદા જિલ્લામાં દેવમોગરા મંદિરમાં પૂજા અને દર્શન કરીને દેડિયાપાડાની મુલાકાત લેશે અને ધરતી આબા ભગવાન બિરસા મુંડાની **150**મી જન્મજયંતિ ઉજવણીના કાર્યક્રમમાં ભાગ લેશે. આ પ્રસંગે, તેઓ **9** હજાર **700** કરોડ રૂપિયાથી વધુના વિવિધ માળખાગત અને વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. શ્રી મોદી પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય મહા અભિયાન અને ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન હેઠળ બનેલા એક લાખ ઘરોના ગૃહ પ્રવેશમાં ભાગ લેશે. તેઓ આદિવાસી વિસ્તારોમાં જોડાણ વધારવા માટે **748** કિમીના નવા

રસ્તાઓ અને 14 આદિવાસી મલ્ટી-માર્કેટિંગ સેન્ટરોનો શિલાન્યાસ પણ કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . .

## MUMBAI-CUSTOMS-SEIZE

મુંબઈ હવાઈ મથક જકાત અધિકારીઓએ 10 થી 12 નવેમ્બર દરમિયાન છ અલગ અલગ કેસમાં 10 કરોડ 54 લાખ રૂપિયાનો માદક પદાર્થ, એક કરોડ 90 લાખ રૂપિયાની કિંમતનું સોનું અને 13 લાખ 16 હજાર રૂપિયાનું વિદેશી ચલણ જપ્ત કર્યું.

પ્રાપ્ત માહિતીના આધારે, છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય હવાઈમથક પર જકાત અધિકારીઓએ બેંગકોકથી આવેલા એક મુસાફરને અટકાવ્યો અને તેની ટ્રોલી બેગમાં સંતાડેલો 5 કિલો માદક પદાર્થ જપ્ત કર્યો, જેની કિંમત 5 કરોડ રૂપિયાથી વધુ છે. આરોપીની **NDPS** એક્ટ હેઠળ ધરપકડ કરવામાં આવી હતી.

અન્ય એક કેસમાં, બેંગકોક ફ્લાઇટના શૌચાલયમાંથી 3 કિલો કેટલો માદક પદાર્થ, જેની કિંમત 3 કરોડ રૂપિયાથી વધુની છે, તે જપ્ત કરાયો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## MILITARY HERITAGE FESTIVAL

સંરક્ષણ રાજ્યમંત્રી સંજય સેઠે આજે સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતા અને ટેકનોલોજીકલ પ્રગતિને મજબૂત બનાવતી વખતે ભારતના લશ્કરી વારસાને જાળવવાના મહત્વ પર ભાર મૂક્યો. નવી દિલ્હીમાં યુનાઇટેડ સર્વિસ ઇન્સ્ટિટ્યૂશન ઓફ ઇન્ડિયા ખાતે ત્રીજા ભારતીય લશ્કરી વારસા મહોત્સવના ઉદ્ઘાટન સત્રમાં સંબોધન કરતાં તેમણે આ મુજબ કહ્યું હતું.

શ્રી સેઠે ભારતીય સેનાની સેવા, શિસ્ત અને રાષ્ટ્રીય સુરક્ષા પ્રત્યેની પ્રતિબદ્ધતા માટે પ્રશંસા કરી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે

સ્વદેશીકરણ, નવીનતા અને ઉભરતી ટેકનોલોજીનો સ્વીકાર ભારતની સંરક્ષણ તૈયારીમાં કેન્દ્રસ્થાને છે. કાર્યક્રમ દરમિયાન શ્રી સેઠે શુક્ર નીતિ: રાજ્યક્રાફ્ટ અને યુદ્ધ, ભારતીય સશસ્ત્ર દળોના સન્માન અને પુરસ્કારો અને ભારતના 75 વર્ષના શાંતિ જાળવણી યોગદાન પર એક ગ્રંથ સહિત મુખ્ય પ્રકાશનોનું વિમોચન કર્યું. બે દિવસીય મહોત્સવમાં પેનલ ચર્ચાઓ, પ્રદર્શનો અને વાર્તાલાપનો સમાવેશ થાય છે જેનો હેતુ દેશના લશ્કરી ઇતિહાસ પ્રત્યે જાહેર જાગૃતિ વધારવા અને વારસાને સમકાલીન રાષ્ટ્રીય સુરક્ષા પ્રાથમિકતાઓ સાથે જોડવાનો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## US INDIA TRADE

વોશિંગ્ટન ભારત સાથે વેપાર વાટાઘાટોમાં પ્રગતિના સંકેત આપી રહ્યું છે, એક વરિષ્ઠ યુ.એસ. અધિકારીએ સૂચવ્યું છે કે, વર્ષના અંત પહેલા એક કરાર થઈ શકે છે. વાટાઘાટો ટેરિફ અને બજારને સંતુલિત કરવા માટે પારસ્પરિક વેપાર કરાર પર કેન્દ્રિત છે. આ જાહેરાત વોશિંગ્ટનના વ્યાપક વેપાર પ્રયાસો વચ્ચે કરવામાં આવી છે.

સેર્ગીયો ગોરે ભારતમાં રાજદૂત તરીકેની ભૂમિકા સંભાળ્યા બાદ યુએસ રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતીય આયાત પર સંભવિત ટેરિફ

ઘટાડાનો સંકેત આપ્યો છે. 2024માં યુએસ-ભારત વેપાર લગભગ 190 અબજ ડોલર સુધી પહોંચ્યો, બંને દેશો દ્વિપક્ષીય વાણિજ્યને વેગ આપવાનું લક્ષ્ય ધરાવે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## JAISHANKAR ANTONIO

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસ સાથે મુલાકાત કરી.

સોશિયલ મીડિયા સંદેશમાં, ડૉ. જયશંકરે વર્તમાન વૈશ્વિક વ્યવસ્થા અને બહુપક્ષીયતા પર તેના પ્રભાવ અંગે સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવના મૂલ્યાંકનની પ્રશંસા કરી. તેમણે વિવિધ સંવેદનશીલ ક્ષેત્રીય મુદ્દા પર તેમના દ્રષ્ટિકોણની પણ પ્રશંસા કરી.

વિદેશ મંત્રીએ ભારતના વિકાસ માટે તેમના સ્પષ્ટ અને સતત સમર્થન બદલ શ્રી ગુટેરેસનો આભાર માન્યો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## INDIA & SAUDI ARABIA

**ભારત અને સાઉદી અરેબિયા દ્વિપક્ષીય કાપડ વેપારને બમણો કરવા માટે એક કરારને અંતિમ સ્વરૂપ આપશે. અધિકારીઓએ જણાવ્યું હતું કે રિયાધ ભારતના ઉચ્ચ-ગુણવત્તાવાળા કાપડની આયાત વધારવાનું વિચારી રહ્યું છે. બંને પક્ષો સહયોગી કાર્યક્રમો, કર ઘટાડા અને ઉત્પાદન-વિશિષ્ટ ભાગીદારી દ્વારા ભારતનો હિસ્સો વધારવાના માર્ગ પર છે.**

**ઉદ્યોગ અને ખનિજ સંસાધન વિભાગના ઉપમંત્રી ખલીલ ઇબ્ને સલામાહના નેતૃત્વમાં એક ઉચ્ચ સ્તરીય સાઉદી પ્રતિનિધિમંડળે ગઈકાલે ઉદ્યોગ ભવનમાં ભારતના કાપડ સચિવ સાથે મુલાકાત કરી જેથી આ ક્ષેત્રમાં સહયોગને આગળ વધારી શકાય.**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## IND VS SA TEST

ક્રિકેટમાં, કોલકાતાના ઇડન ગાર્ડન્સ ખાતે બે ટેસ્ટ ક્રિકેટ મેચની શ્રેણીની પ્રથમ મેચના પહેલા દિવસે લંચ સુધીમાં ભારત સામે દક્ષિણ આફ્રિકાએ 3 વિકેટે 105 રન બનાવ્યા હતા. અગાઉ, દક્ષિણ આફ્રિકાએ ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ 2025-27 ના મહત્વપૂર્ણ પોઈન્ટ સાથે, ભારતનો ઉદ્દેશ ટોચના બે સ્થાનો પર રહેવા અને લોર્ડ્સ ખાતે 2027 WTC ફાઇનલમાં સ્થાન મેળવવા માટે

તેના પ્રયાસને મજબૂત બનાવવાનો છે. છેલ્લા અહેવાલ પ્રમાણે દક્ષિણ આફ્રિકાએ 5 વિકેટે 140 રન બનાવ્યા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## INDIA-CANADA

**ભારત અને કેનેડા વચ્ચેના દ્વિપક્ષીય વેપારમાં અગાઉના વર્ષની સરખામણીમાં 2024માં 10 ટકાનો વધારો જોવા મળ્યો.**

**2024 માં વસ્તુ અને સેવાઓનો વેપાર 23 અબજ ડોલર સુધી પહોંચ્યો, જ્યારે માત્ર માલસામાનનો વેપાર લગભગ 8 અબજ ડોલર રહ્યો, જે પાછલા વર્ષની સરખામણીમાં નોંધપાત્ર 10 ટકાનો વધારો દર્શાવે છે.**

**વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે જણાવ્યું હતું કે ભારત અને કેનેડા અનેક વ્યૂહાત્મક ક્ષેત્રોમાં મજબૂત પૂરકતા ધરાવે છે જે ટકાઉ વિકાસ, નવીનતા અને વેપાર માટે નવી તકોને ટેકો આપે છે.**

. . . . . . . . . . . . . . . . . . . . . . . .